**આંક–૧૭**

| | |
|---|---|
| રજુ તારીખ | ૧૧/૧૨/૨૦૨૦ |
| દાખલ તારીખ | ૧૧/૧૨/૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ:૦૫ માસ:૦૩ દિન:૧૯ |

**મે.મજૂર અદાલત,સુરતના ઓથોરીટી અન્ડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ**

**શ્રી.એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ.**

**પગારધારા અરજી નં.૧૫૯/૨૦૨૦**

**અરજદાર** – **શ્રી વિરેદ્ર પાસવાન,(સહમંત્રી તે પરીશીષ્ટ–એ મુજબના કામદારના યુનિયન પ્રતિનિધિ(૪૯)**
**C/o,**ભવિષ્ય મજદુર સંઘ (લેબર યુનિયન)
ઠે.પ્લોટ નં.૨૩૫,બાપુનગર,ગણેશનગર,કૈલાશ સિનેમાનીબાજુમાં,વડોદગામ,પાંડેસરા,
સુરત–૩૯૪૨૨૧

**વિરુધ્ધ**

**સામાવાળા–** ૧ **લાર્સન એન્ડ ટુબ્રો**
ઠે.હજીરા મેન્યુફેચરીંગ કોમ્પલેકસ,હજીરા,
સુરત–૩૯૪૨૭૦

૨ **RANG ENGINEERS**( આંક–૧ નીચે હુકમ થતા સામાવાળા નં.૨ને રદ કરવામાં આવેલ છે.)
ઠે.હજીરા મેન્યુફ્રેચરીંગ કોમ્પલેક્ષ,હજીરા,સુરત

હાજર રહ્યા – અરજદાર તર્ફે –વિ.વ.શ્રી.દિનેશ પાટીલ
સામાવાળા તર્ફે–વિ.વ.શ્રી.એન.બી.શાહ

**બાબત– પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબની અરજી.**

## – ચુકાદો –

(૧) આ કામના અરજદારે હાલની ધી પેમેન્ટ વેજીસ એક્ટ–૧૯૩૬ ની કલમ–૧૫ મુજબની અરજી કરેલ છે.સદરહું અરજીની હકીકત નીચે મુજબ છે.

અરજીના પરિશીષ્ટ મુજબના કામદાર/શ્રમયોગી યુનિયનના બોનાફાઇડ સભ્ય છે અને કેસ ચલાવવા યુનિયનને અરજદારએ આપેલ સત્તા અને અધિકારની રૂએ અરજદારે આ અરજી કરેલ છે.

અરજદાર સામાવાળાની સંસ્થામાં વેલ્ડરના હોદ્દા ઉપર કામ કરતા આવેલ.જે અરજીમાં સામાવાળા નં.૨ ના જણાવેલ સ્થળે ઓફિસ ધરાવે છે અને તે સ્થળેથી જ વહિવટ સંચાલન પગાર ચુકવણી વિગેર તમામ કામગીરી સંચાલક તરીકે સાઇટ ઇન્ચાર્જ(મેનેજર) શ્રી પ્રવિણભાઇ પટેલ કરતા આવેલ છે. જે સામાવાળા નં.૧ સંસ્થા પાસેથી કોન્ટ્રાકટ મેળવેલ હોય અને અરજદારને શ્રમયોગીને વેલ્ડરના હોદ્દા ઉપર વેલ્ડર તરીકે સામાવાળા નં.૧ સંસ્થામાં સામાવાળા નં.૨ દ્રારા નોકરીએ રાખેલ હતા સંસ્થામાં કાયમી સતત કામગીરી હોવા છતાં ગેરકાયદેસર રીતે કોન્ટ્રાકટ બતાવતા હતા અને તેમ કહી અરજદાર ગરીબ શ્રમયોગીઓ પાસે મજબુરીનો લાભ લઇ ગેરકાયદેસરની અધટીત મજૂર પ્રવૃતિઓ આવી નામી મુખ્ય સંસ્થાના અધિકારીઓ ખોટા આભાસી કોન્ટ્રાકટરો દ્રારા એકબીજાના મેળાપીપણામાં વિવિધ મજુર વિભાગોના રહેમ રહે ચાલતી આવેલ છે.અરજદારે સામાવાળાને ત્યાં તા.૧૪/૯/૨૦૧૭ થી મૌખિક રીતે ફરજ પર લેવાનું ના પાડી છુટા કર્યા સુધી કાયમી કામદારની હૈસીયતથી ઘણા જ ખંત,નિષ્ઠા તેમજ પ્રમાણીકતા તેમજ વફાદારી પુર્વક ફરજ બજાવતા હતા.પરંતુ અરજદારની વારંવારની મૌખિક માંગણી છતા રેકર્ડમાં હાલના વર્ષની નોકરી બતાવી ઓળખપત્ર સિવાય કોઇ મજૂર સાહિત્યો કે દસ્તાવેજો આપતા ન હતા.અરજદાર અને સામાવાળા વચ્ચે કામદારો અને માલીકના સંબંધ છે.અરજદારે સામાવાળી સંસ્થામાં નોકરીના સમય દરમ્યાન કયારેય કોઇ ગુનો કે ગૈરવર્તણુક કરેલ નથી.અરજદારનો નોકરી દરમિયાનનો સર્વિસ રેકર્ડ તદ્દન ચોખ્ખો તેમજ ડાઘ રહિતનો રહ્યો છે.સામાવાળા અરજદારને માસીક રૂ.૨૦,૦૦૦/–(૨૬ દિનના)ની ચુકવણી કરતા હતા.સામાવાળાઓ સંસ્થાના અધિકારીઓ તમામ

કામદારોનું વહિવટ સંચાલન કરતા તથા રોજબરોજનું તમામ કામની સોંપની વહિવટ તેમના સીધા દેખરેખ તેમજ મૌખિક સુચના અને આદેશથી કરવામાં આવતુ હતુ.આમ,બાકી પગાર અન્ય હકક લાભો ગેરકાયદેસર રીતે રોકી રાખે ચુકવે ભાગી જાય તો તમામ જવાબદારી મુખ્ય માલીકની થતી હોય સામાવાળા નં.૧ ને અમે જોડેલ છે.સમાવાળા સંસ્થાને આઇ.ડી. એકટ,લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ અને ગુજરાત લઘુત્તમ વેતન નિયમો–૧૯૬૧,પેમેન્ટ ઓફ વેજીસ એકટ,બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫,પ્રોવિડંડ ફંડ એકટ વિગેરે મજુર કાયદાઓ લાગુ પડતા હોવા છતાં અમો તથા અન્ય કોઇપણ કામદારને ફરજીયાત આપવા પડતા દસ્તાવેજી આપતા ન હતા કે ભર પગારની રજાઓ જેવી કે હકકરજા,તહેવારની રજા માંદગીની રજાઓ માંગવા છતા આપતા ન હતા કે તેવી તમામ રજાઓનું નાણાંમાં રૂપાંતર પણ વર્ષના અંતે કરી આપવામાં આવતુ ન હતુ અને અમો પાસે નોકરીમાં રાખતી વખતે જ કેટલાક કોરા તથા છાપેલા કાગળો પર નોકરીના બીકે સહી કરાવી લેતા હતા અને તેમ કરી કામદારોની કાયદાની બિન જાણકરીનો તથા મજબુરીનો ભયંકર લાભ ઉઠાવી કામદારોનું શોષણ કરી છડે ચોક મજૂર કાયદાઓનો ભંગ કરી અનફેર લેબર પ્રેકટીસનું આચરણ કરવામાં આવતુ હતું.સામાવાળી સંસ્થા તરફથી અરજાદરને કાયદેસરના મળવાપાત્ર મજુર કાયદા મુજબના ફરજીયાત મળવાપાત્ર હકકલાભો આપવામાં આવતા ન હતા અને અરજદારને જે મજૂર સાહિત્યો આપવા મૌખિક ફરીયાદો તથા વિનંતીઓ કરતા હોય તેઓ શ્રમયોગી પ્રત્યે કિન્નાખોરી રાખતા હતા અને નોકરીમાંથી છુટા કરવાની તકો શોધતા રહેતા જે અરજદારને આપેલ ન હોતી તેમજ લાભો આપવા ન પડે તે માટે આગમ સાવચેતી રૂપે દબાણ પુર્વક યુનિયનના સભ્ય પાસેથી નોકરીના બિકે રાજીનામા પર સહીઓ કરાવી લીધેલ હતી.વધુમાં અરજદારને છુટા કરવા માંગતા હોવાથી અને કાયદેસરની કોઇ રકમ ન ચુકવવી પડે તે માટે હાલ કોવિડ મહામારીની ગંભીર સ્થિતીમાં પણ જીવના જોખમે ફરજ બજાવેલ હોય તેની કદરમ કરવાની જગ્યાએ ઓકટોમ્બર માસમાં તા.૧૫/૧૦/૨૦૨૦ સુધી ફરજ બજાવેલ હતી અને સદર દિવસ બાદ અચાનક શ્રમયોગીની

તબીયત અચાનક ખરાબ થઇ જતા ઈન્ચાર્જ મૌખિક જાણ કરી સુરતમા મહામારીની ગંભીર સ્થિતી જોતા કોઈ આસરો ન હોય અરજદાર વતન ગયેલ હતા અને વતનથી પરત આવી તા.૮/૧૧/૨૦૨૦ ના રોજ સાઇડ ઈન્ચાર્જ (મેનેજર)શ્રી પ્રવિણભાઇ પટેલને ફરજ પર હાજર કરવા જણાવતા ટેલીફોન પર જ કામ પર લેવાની તથા હાજર થવાની તેમજ બાકી પગારના નાણાં કે હકક લાભોના નાણાં ચુકવવાની મૌખિક રીતે ના પાડી ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે.આમ,તા.૮/૧૧/૨૦૨૦ ના રોજથી વગર વાંકે કોઇપણ જાતની અગાઉથી જાણ કર્યા વગર બચાવની તક આપ્યા વિના કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરી નોટીસ કે નોટીસ પગાર,છટણી વળતર,બોનસ,હકક રજા તથા બાકી પગાર ચુકવ્યા વિના મૌખિક આદેશથી તથા સ્ટેન્ડીગ ઓર્ડસની જોગવાઈઓનઓ ભંગ કરી તાત્કાલીક નોકરીમાંથી મૌખિક હુકમથી છુટા કરી કામદારની નોકરી શરતોમાં ગેરકાયદેસર ફેરફાર કરી ગુનાહિત કૃત્ય કરેલ છે અને સામાવાળાઓએ અરજદાર કામદારોની કિંમતી નોકરી અને નોકરી દરમ્યાનના બાકી હકકો લાભો છીનવી લેવાના બદઈરાદાથી શ્રમયોગી /કામદારના  બાકી પગાર તથા નોકરી દરમ્યાનના બાકી હકકો ગેરકાયદેસર રીતે રોકી રાખી ચૂકવવામાં વિલંબ કરી સંસ્થાના પાસે જમા રાખીને તે ચુકવ્યા વગર એકાએક નોકરીમાંથી કાઢી મુકેલ છે અને નોકરી દરમિયાન કોઈ લીગલ ડયૂઝ ચૂકવેલ નથી અને તેમ કરી અમારા યુનિયનના સભ્ય કામદારોને રસ્તે રઝડતા કરી બેકારીના ખપ્પરમાં હોમી દીધેલ.સામાવાળા પાસેથી અરજદારની કાયદેસરની લેણી નીકળતી રકમ વિગત જેવી કે,ઓકટોમ્બર માસ માં તા.૧૫/૧૦/૨૦૨૦ (૧૫ દિનનો પગાર છુટા કર્યા તા.૮/૧૧/૨૦૨૦ સુધીનો કામ કર્યા દિવસનો બાકી પગાર તથા અન્ય લેણા હકક લાભો જેવા કે ઓવર ટાઇમના નાણાં,નોટીસ પગાર,બોનસ  હકક રજા વિગેરે પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના તેમજ અરજદારની લેણી રકમ ગેરકાયદેસર રીતે રોકી રાખેલ હોય જે ૧૦ ગણી રકમ વળતર ચુકવવા હુકમ કરવા તેમજ નામદાર ઓથોરીટીને યોગ્ય લાગે તેવી અન્ય વિશેષ દાદ અરજદારની તરફેણમાં આપવવા અરજ ગુજારેલ છે.

(૨) સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં આ કામે સામાવાળા નં.૨ને નોટીસ વગર બજયે પરત આવેલી જેથી આંક–૧ લગત મારા પુરોગામીશ્રીએ આશરે બે વર્ષથી નવુ સરનામું રજૂ થતુ નથી જેથી સામાવાળા નં.૨ વિરુધ્ધનો કેસ રદ કરવાનો હુકમ કરેલ છે.જયારે આ કામે સામાવાળા નં.૧ ને ધોરણસરની નોટીસની બજવણી થતા સામાવાળા તેમના વિ.વ.મારફતે હાજર થઈ આ કામે આંક–૧૧ થી લેખિત જવાબ રજૂ કરેલ છે અને અરજદારની અરજીની તમામ હકીકતોનો ભારપૂર્વક પેરાવાઈઝ ઈન્કાર કરી મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે,અરજદાર કે અરજીની સાથે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યકિતને મૂળ અરજી કરવાનો કાયદા પ્રમાણે કોઈ હકક કે અધિકાર નથી.અરજદારની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.અરજદારની મૂળ અરજી સાથે જોડવામાં આવેલ પરિશિષ્ટમાં જણાવેલ વ્યકિત સામાવાળા નં.૧ ના કામદાર કયારેય નહોતા અને નથી.આમ,પરિશિષ્ટમાંની વ્યકિત અને સામાવાળાનં.૧ વચ્ચે માલિક કામદારનો કોઈ સંબંધ અસ્તિત્વમાં નહોતો અને નથી તથા કોઈ પ્રીવીટ ઓફ કોન્ટ્રેકટ પણ નહોતો અને તેથી અરજદારને હાલની અરજી સામાવાળા નં.૧ વિરુધ્ધ કરવાનો હકક કે અધિકાર નથી અને તેવી અરજી સામાવાળા નં.૧ વિરુધ્ધ ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.વધુમાં કાયદા પ્રમાણે પરિશિષ્ટમાં જણાવેલ વ્યકિત અમો સામાવાળા નં.૧ ના "એમ્પ્લોયડ પરસન" ન હોતા અને નથી,આથી અરજદારની હાલની અરજી સામાવાળા નં.૧ વિરુધ્ધ ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.અરજદારની અરજીને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીઝના સિધ્ધાંતનો બાધ નડે છે.અરજદાર કે અરજીની સાથે જણાવેલ પરિશિષ્ટ મુજબના વ્યકિતને હાલની અરજી કરવા માટે કોઈ કારણ ઉત્પન્ન થયું નથી.આથી અરજદારની અરજી કોઝ ઓફ એકશન વિનાની હોઈ રદ થવાને પાત્ર છે.અરજદારની અરજીનાં પરિશિષ્ટમાં જણાવ્યા મુજબનાં વ્યકિતને સામાવાળા નં.૧ એ કોઈ કાયદેસરના નાણાં ચૂકવવાના થતાં નથી અને સામાવાળા નં.૧એ તેઓના કોઈ કાયદેસરનાં નાણાં કે પગાર ચૂકવવામાં ઢીલ યા કપાત કરેલ નથી.આથી પણ અરજદારની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.વધુમાં સામાવાળા જણાવેલ

છે કે,સામાવાળા નં.૧ ના સ્ટીલ ફેબ્રીકેશનનો ધંધો કરતા આવેલ છીએ અને તે સ્ટીલ ફેબ્રીકેશનના Inhoudr Fab.of Buxar I Project કામનો સામાવાળા નં.૨ નાને કાયદેસરનો કોન્ટ્રાકટ આપેલ અને પરિશિષ્ટ મુજબના વ્યકિત સામાવાળા નં.૨ ના કામદાર તરીકે કામ કરતા આવેલ.આમ,પરિશિષ્ટ મુજબના વ્યકિતએ સામાવાળા નં.૧ સંસ્થાના કામદાર તરીકે કાયારેય કામ કરેલ નથી અને તેની પરિશિષ્ટ મુજબના વ્યકિત અને અમો સામાવાળા નં.૧ વચ્ચે માલિક–કામદારનો સંબંધ કયારેય અસ્તિત્વમાં નહોતો અને નથી અને મજકૂર પેરામાં અરજદારે લખેલ કહેવાતી હકીકતો સાથે અમો સામાવાળા નં.૧નાને કશુ લાગતુ વળગતુ નથી.આમ,અરજદારે અમો સામાવાળા નં.૧ ને ખોટી રીતે સદરહું કામમાં પક્ષકાર બનાવેલ છે.આવી કોઈ હકીકતોનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.સદરહું પેરામાં અરજદારે તમામ હકીકત ખોટી રીતે ઉપજાવી કાઢેલ છે અને નામદાર ઓથોરીટીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ છે.સદરહું પેરામાં લખેલ તમામ હકીકત અરજદારે પુરવાર કરવી જોઈએ.વધુમાં જણાવેલ છે કે,સામાવાળા નં.૧નાએ કાયદેસર રીતે,કાયદેસરનો Inhoudr Fab.of Buxar I Project નો કોન્ટ્રાકટ સામાવાળા નં.૨નાને આપેલ હતો.મજકૂર કોન્ટ્રાકટની શરતો મુજબ સામાવાળા નં.૨નાએ પોતાના કામદારો રાખી,કામ કરાવી,સામાવાળા નં.૧ સાથે થયેલ કોન્ટ્રાકટ મુજબનું કામ કરવાનું હતુ. આમ,સામાવાળા નં.૨ના કોન્ટ્રાકટ મુજબનું કામ કરવા માટે જ કોઈ કામદાર રાખે તેની સંપૂર્ણ જવાબદારી સામાવાળા નં.૨ ના કોન્ટ્રાકટ મુજબનું કામ કરવા માટે જે કોઈ કામદાર રાખે તેની સંપૂર્ણ જવાબદારી સામાવાળા નં.૨ ના ની હતી.સામાવાળા નં.૨ તેઓના કામદારો રાખે,તેમને પગાર ચૂકવે તથા નોકરીના અન્ય લાભો આપે તથા પોતાનો સ્વંતત્ર પી.એફ. કોડ રાખે. આમ, સામાવાળા નં.૧ની સામાવાળા નં.૨નાએ રાખેલા તેઓના કામદારોની કોઈ જવાબદારી થતી નથી અને સામાવાળા નં.૨ ના કામદારો અંગે કામદારો અંગે સામાવાળા નં.૧ કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ પણ કરી શકે નહી.સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર ના કામદાર હતા.પરિશિષ્ટ મુજબના વ્યકિતને નિમણૂંક આપનાર પણ સામાવાળા નં.૨ કોન્ટ્રાકટર હતા.તેમને પગાર,નોકરીના અન્ય

લાભો વગેરે પણ સામાવાળા નં.૨ જ આપતા હતા. આમ,પરિશિષ્ટ મુજબના વ્યકિતના માલિક સામાવાળા નં.૨ હતા.આથી સામાવાળા નં.૧ અને પરિશિષ્ટ મુજબના વ્યકિત વચ્ચે માલિક કામદારોના સંબંધ ન હોતો અને નથી તેઓ સામાવાળા નં.૧ના કામદાર ન હોતા.વધુમાં જણાવેલ છે કે, કાયદાની જોગવાઈ જોતાં અરજદાર જયાં સુધી પરિશિષ્ટમાં જણાવેલ વ્યકિતને તા.૮/૧૧/૨૦ નાં રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ હોવા અંગેનો નામદાર લેબર કોર્ટનો કોઇ ચૂકાદો રજૂ ન કરે ત્યાં સુધી પરિશિષ્ટમાં જણાવેલ વ્યકિતને તા.૮/૧૧/૨૦૨૦ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છૂટા કરેલ હોવાની માની શકાતું નથી.વધુમાં પરિશિષ્ટમાં જણાવેલ વ્યકિતને તા.૮/૧૧/૨૦૨૦ ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાની આપ નામદાર ઓથોરીટીને સદરહું કાયદા પ્રમાણે સત્તા કે હકૂમત નથી.આમ,જયાં સુધી આ અંગે નકકી ન થાય ત્યાં સુધી નોકરીમાંથી કાઢી મુકેલ હોવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.સદરહું હકીકત અરજદાર પુરવાર ન કરે ત્યાં સુધી અરજદાર પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના કોઇ પણ નાણાં ચૂકવવા અમો જવાબદાર થતાં નથી.આથી પણ અરજદારની અરજી કાયદા પ્રમાણે ટકી શકતી નથી અને રદ થવાને પાત્ર છે.

(૩) ત્યારબાદ સદરહું કામ અરજદારના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી તેમની અરજીના સમર્થનમાં કોઇ પુરાવો રજૂ રાખતા ન હોય જેથી સદર કામે કોર્ટ દ્વારા આંક–૧૨ થી રજી.એ.ડી.મારફતે નોટીસ કાઢવામાં આવેલ હતી જેની સફેદ પાવતી આ કામમાં આંક–૧૩ થી તથા રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટ રીસીપ્ટ આંક–૧૪ થી કામમાં સામેલ છે.આમ,સદર કામે પુરાવા રજૂ કરવા સારૂ અરજદાર પક્ષને નામદાર કોર્ટ દ્વારા પણ નોટીસ કાઢવા છતાં કોઇ પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરેલ નથી.ત્યારબાદ સદર કામે સામાવાળા તર્ફેથી અરજદારનો પુરાવાનો હકક બંધ કરવા સારૂ આંક–૧૫ થી અરજી રજૂ કરતા જે સૌપ્રથમ સાંભળવા માટે મુલત્વી રાખવામાં આવેલ પરંતુ સદર અરજી અન્વયે અરજદારે પક્ષેથી કોઇ રજૂઆત નહી કરતા સદર કામે અરજદારનો પુરાવાનો હકક બંધ કરવામાં

આવેલ છે.ત્યારબાદ આ કામે સામાવાળા તર્ફેથી આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.ત્યારબાદ સદર કામ દલીલ ઉપર રાખવામાં આવેલ.

**(૪)** ત્યારબાદ સદર કામ દલીલ ઉપર રાખવામાં આવેલ પરંતુ અરજદાર પક્ષે દલીલના તબકકે પણ કોઇ હાજર નહી રહેતા પ્રોસીડીંગ લગત અરજદારની દલીલનો હકક બંધ કરવામાં આવે છે જયારે સામાવાળા તર્ફેથી આ કામે તેઓએ જે જવાબ રજૂ કરેલ છે તે જ તેમની દલીલ ગણવા અરજ ગુજારેલ છે.

**(૫)** આ કામે રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં આ અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**::મુદ્દા::**

(૧) શું અરજદાર સાબિત કરે છે કે,તેઓ સામાવાળા પાસેથી આંક–૧ ની અરજી સાથે રજૂ કરેલ પરિશિષ્ટમાં જણાવેલ લેણી રકમ મેળવવા તથા માંગ્યા મુજબની અન્ય દાદ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ?

ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**::નિર્ણય::**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**::કારણો ::**

મુદ્દા નં.૧–

**(૬)** આ કામે અરજદાર તર્ફેથી હાલની અરજી સામાવાળા સામે તેમના બાકી પગાર તથા અન્ય લેણી રકમ મેળવવા સારુ પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ કરેલાની આંક–૧ ની અરજી લક્ષમાં લેતા જણાય આવે છે.

આમ,સદર કામે અરજદાર પક્ષેથી તેમની અરજીમાં સમર્થનમાં કોઇ પુરાવો રજુ રાખેલ હોય કે સોંગદ ઉપર જુબાની આપેલ હોય તેવુ રેકર્ડ જોતાં

જણાઈ આવતુ નથી.ત્યારબાદ સદર કામે અરજદાર તર્ફે હાજર થઇ પોતાનો પુરાવાનો હકક ખોલવેલ હોય કે પુરાવો રજુ કરવાનો પ્રયત્ન કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય તેમજ અરજદાર દ્વારા તેની હાલની અરજીમાં માંગેલ રકમ સંદર્ભેની કોઈ હકીકત સોગંદ ઉપર પુરાવો આપી જાહેર કરેલ હોય કે પોતાની અરજીના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાઈ આવતુ ન હોય.આમ,ઉપરોકત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતા અરજદાર દ્વારા તેની અરજીમાં જણાવેલ રકમ સામાવાળા પાસેથી મેળવવા તેઓ હકકદાર હોવાનું સાબિત કરી શકેલ ન હોવાનું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવુ હોય જેથી હાલની અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારની હાલની અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૩૦,માહે-માર્ચ,સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખ-૩૦/૦૩/૨૦૨૬
સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
ઓથોરીટી,
વેતન ચુકવણી અધિનીયમ,
મજુર અદાલત નં.૨, સુરત
(CODE NO.GJ01279)